# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2023** **Midday: 1.20 to 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશના જબલપુરમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના અને રાજસ્થાનમાં પાંચ હજાર કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.
- ભારતના ચૂંટણી પંચના સભ્યો આજે તેલંગણામાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિક્ષકો સાથે બેઠક કરશે.
- બિહારમાં જાતિ આધારિત કરાયેલા સર્વક્ષણનો બીજો ભાગ બિહાર વિધાનસભાના આગામી શિયાળુ સત્રમાં ગૃહમાં રજુ કરાશે.
- સિક્કિમના મંગનમાં લોનાક સરોવર પર વાદળ ફાટવાથી તિસ્તા નદીમાં પૂરની પરિસ્થિતિ સર્જાઇ છે, સેનાના 23 જવાનો લાપતા બન્યા છે.
- રાષ્ટ્રીય રોકાણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અને જાપાન બેન્ક ફોર ઇન્ટરનેશનલ કોઓપરેશન -JBIC એ 60 કરોડ યુએસ ડોલરનું ભારત-જાપાન ફંડ શરૂ કરવા માટે જોડાણ કર્યું છે.
- ચીનમાં રમાઈ રહેલી એશિયન રમતોત્સવમાં ભારતે અત્યારસુધી 16 સુવર્ણ, 26 રજત અને 29 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 71 ચંદ્રકો જીતી લીધા છે.

.....................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-MADHYA-PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશના જબલપુરમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ ઇન્દોરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 128 કરોડ રૂપિયાના ખર્ચના લાઇટ હાઉસ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. આ યોજનાનો લાભ એક હજારથી વધુ પરિવારોને મળશે.

એવી જ રીતે, તેઓ જબલપુર અને દીંડોરી જીલ્લામાં બે હજાર 350 કરોડ રૂપિયાના ખર્ચે જલજીવન મિશન પ્રોજેક્ટ હેઠળના વિવિધ પાણી યોજનાઓનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી મધ્યપ્રદેશમાં 4 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલા અને બંધાનાર માર્ગ વિકાસ કામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક હજાર 850 કરોડ રૂપિયાના ખર્ચના રેલ્વે પ્રોજેક્ટોનું લોકાર્પણ કરશે.

## PM-RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાનના જોધપુરમાં પાંચ હજાર કરોડ રૂપિયાના બહુવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ રાજસ્થાનમાં AIIMS જોધપુર ખાતે 350 કરોડ રૂપિયાના ટ્રોમા, અને ક્રિટિકલ કેર કેન્દ્રનો શિલાન્યાસ કરશે.

શ્રી મોદી જોધપુર એરપોર્ટ પર 480 કરોડ રૂપિયાના ખર્ચે બંધાનાર ટર્મિનલ બિલ્ડીંગનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી 1 હજાર 135 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવેલ IIT જોધપુર કેમ્પસ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ રાજસ્થાનની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં સેન્ટ્રલ લાઇબ્રેરી, 600 ક્ષમતાની હોસ્ટેલ અને વિદ્યાર્થીઓ માટે જમવાની સુવિધાનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી NH-125A પર જોધપુર રિંગ રોડના કારવારથી ડાંગિયાવાસ સેક્શનને ચાર માર્ગીય બનાવવા, સાત બાયપાસનું નિર્માણ અથવા મુખ્ય માર્ગોના પુનઃસંરેખણ સહિત બહુવિધ માર્ગ વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી નવી બે ટ્રેનોને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવશે. તેમજ અન્ય બે રેલ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે.

## PM-SVANIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ સ્વનિધી યોજનાના લાભાર્થીઓની સંખ્યા 50 લાખથી વધુ થઇ એ અંગે ખુશીની લાગણી વ્યક્ત કરી છે. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સોશિયલ મિડિયામાં કરાયેલી પોસ્ટના પ્રતિભાવમાં તેમણે વધુમાં કહ્યું કે, આ યોજનાના કારણે ફેરિયાઓનું જીવન સરળ બનવાની સાથે સાથે તેમને ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક મળી છે.

ઉલ્લેખનીય છે કે, PM સ્વનિધિ યોજના 1લી જૂન 2020 ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે શહેરી શેરી વિક્રેતાઓ માટે એક સુક્ષ્મ ધિરાણ યોજના છે, જેનો ઉદ્દેશ્ય 50 હજાર રૂપિયા સુધીની કોલેટરલ-મુક્ત કાર્યકારી મૂડી અનુદાન પ્રદાન કરવાનો છે.

## TELANGANA-ECI REVIEW

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે સવારે હૈદરાબાદના ડરહામ ચેરુવુ કેબલ બ્રિજ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમોના ભાગરૂપે સાયક્લેથોન અને વોકાથોનને લીલી ઝંડી આપી હતી.

ભારતના ચૂંટણી પંચ (ECI) ચૂંટણી તૈયારીઓની સમીક્ષાના ભાગરૂપે આજે તેલંગણામાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિક્ષકો તેમજ તેલંગાણાના તમામ 33 જિલ્લાના પોલીસ કમિશનરો સાથે બેઠક કરશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની આગેવાની હેઠળની ઉચ્ચ સ્તરીય ટીમે ગઈકાલે સાંજે હૈદરાબાદમાં અમલીકરણ એજન્સીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. પોલીસ અને મહેસૂલ વિભાગ સહિત 20થી વધુ એજન્સીઓએ ચૂંટણીની તૈયારીઓ અંગે ચૂંટણી પંચ સમક્ષ રજૂઆતો કરી હતી.

ચૂંટણી પંચે ગઈકાલે લગભગ 10 રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષો સાથે બેઠક કરીને ચૂંટણીના સંચાલન અંગે પક્ષકારોના અભિપ્રાય અને સૂચનો લીધા છે. રાજકીય પક્ષોના પ્રતિનિધિમંડળોએ ત્રુટિ રહિત મતદાર યાદીઓ, ચૂંટણી ખર્ચ સહિત અન્ય બાબતોને લગતી તેમની ચિંતાઓ વ્યક્ત કરી હતી.

આવતીકાલે ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવા ECI ટીમ મુખ્ય સચિવ શાંતિકુમારી અને પોલીસ મહાનિર્દેશક અંજનીકુમાર સાથે નિર્ણાયક બેઠક કરશે.

## BIHAR-NITISH-CASTE-SURVEY

બિહારમાં જાતિ આધારિત કરાયેલા સર્વક્ષણનો બીજો ભાગ બિહાર વિધાનસભાના આગામી શિયાળુ સત્રમાં ગૃહમાં રજુ કરાશે. મુખ્યમંત્રી નિતિશ કુમારે ગઇકાલે પટણામાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં નવ રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી નિતિશકુમાર અને વહીવટ તંત્રના અધિકારીઓએ રાજકીય પક્ષોના પ્રતિનિધીઓને જણાવ્યું હતું કે, આ સર્વેક્ષણમાં સામાજીક અને આર્થિક બાબતોને લગતા 17 મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

## REV. SIKKIM CLOUD BURST

સિક્કિમના મંગનમાં લોનાક સરોવર પર વાદળ ફાટવાથી તિસ્તા નદીમાં પૂર આવ્યા બાદ નદી કિનારા પરના સેનાના એકમોને અસર થઇ છે અને સેનાના 23 જવાનો લાપતા બન્યા છે. કેટલાક વાહનો સિંગતમ નજીક ડૂબી ગયા છે. મુખ્યમંત્રી પીએસ તમાંગ પૂરથી પ્રભાવિત થયેલ વિસ્તારની મુલાકાત લઇને પરિસ્થિતિની સમીક્ષા કરી છે..

મુખ્યમંત્રીએ લોકોને સાવચેત રહેવા અને સલામત સ્થળોએ આશ્રય લેવા વિનંતી કરી હતી. તેમણે ખાતરી આપી કે સરકાર સ્થળાંતર અને સુરક્ષિત પુનર્વસન માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરી રહી છે. તેમણે લોકોને શાંત રહેવા અને પહેલા તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની અપીલ કરી હતી. અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધા બાદ મુખ્યમંત્રીએ સામુદાયિક કેન્દ્ર, સિંગતમ ખાતે તાકીદની બેઠક બોલાવી હતી. પૂરના લીધે મંગન, ગંગટોક સહિત ચાર જિલ્લામાં ભારે નુકસાન થયાના અહેવાલ છે.

ગંગટોક જિલ્લામાં SDRF દ્વારા 25 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

નામચી જિલ્લામાં એલડી કાઝી પુલ અને ઈન્દ્રેની પુલ ધોવાઈ ગયા છે. આશરે 500 લોકોને રાહત શિબિરોમાં આશ્રય આપવામાં આવ્યો છે.

## INDIA-JAPAN

રાષ્ટ્રીય રોકાણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અને જાપાન બેન્ક ફોર ઇન્ટરનેશનલ કોઓપરેશન -JBIC એ 600 મિલિયન યુએસ ડોલરનું ભારત-જાપાન ફંડ શરૂ કરવા માટે જોડાણ કર્યું છે.

આ સંયુક્ત પહેલ ભારત અને જાપાન વચ્ચે આબોહવા અને પર્યાવરણના ક્ષેત્રમાં સહયોગ અને રોકાણને સરળ બનાવશે.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત સરકાર કોર્પસના 49 ટકા યોગદાન આપશે અને બાકીના 51 ટકા JBIC દ્વારા યોગદાન આપવામાં આવશે. આ ફંડ પર્યાવરણીય ટકાઉપણું અને ઓછા કાર્બન ઉત્સર્જન વ્યૂહરચનામાં રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતમાં જાપાનીઝ રોકાણોને પ્રોત્સાહન આપશે.

નાણા મંત્રાલયે આ સહયોગને ભારત અને જાપાન વચ્ચે વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારીમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ ગણાવ્યું છે.

## REV. ASIAN GAMES

ચીનમાં રમાઈ રહેલી એશિયન રમતોત્સવમાં ભારતે અત્યારસુધી 16 સુવર્ણ, 26 રજત અને 29 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 71 ચંદ્રકો જીતી લીધા છે.

જ્યોતિ સુરેખા વેન્નમ અને ઓજસ દેવતલેએ તીરંદાજીમાં ભારત માટે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેઓએ કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ફાઇનલમાં કોરિયા રિપબ્લિકને 159-158ના સ્કોરલાઇનથી હરાવ્યું છે.

રામ બાબુ અને મંજુ રાનીએ 35 કિમીની મિશ્ર રિલે રેસ વોકમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. આ સાથે જ ભારત મેડલ ટેબલ પર ચોથા સ્થાન પર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

બેડમિન્ટનમાં, પીવી સિંધુ અને એચ. એસ પ્રણય પોતપોતાના સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા હતા. આજે નીરજ ચોપરા ભાલા ફેંક તાજને બચાવવા માટે મેદાનમાં ઉતરશે અને ભારતીય પુરૂષ હોકી ટીમ કોરિયા રિપબ્લિક સામે સેમિફાઇનલ મેચ રમશે. આજે તીરંદાજી, બેડમિન્ટન, બોક્સિંગ, બ્રિજ, ચેસ, ડાઇવિંગ, હોકી અને અશ્વારોહણ એવી અન્ય રમતો યોજાશે.

## PM-ASIAN GAMES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓના શાનદાર પ્રદર્શન પર ખુશી વ્યક્ત કરી છે.

આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, એશિયન ગેમ્સમાં ભારત પહેલા કરતાં વધુ ચમકે છે. તેમણે કહ્યું કે, 71 મેડલ સાથે, ભારત તેની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ મેડલ ટેલીની ઉજવણી કરી રહ્યું છે, જે દેશના એથ્લેટ્સના અપ્રતિમ સમર્પણ, ધૈર્ય અને રમતગમતની ભાવનાનો પુરાવો છે. તેમણે કહ્યું કે, દરેક મેડલ સખત મહેનત અને જુસ્સાની જીવન યાત્રાને ઉજાગર કરે છે જે સમગ્ર રાષ્ટ્ર માટે ગર્વની ક્ષણ છે.

# DOMINICAN-REPUBLIC-VP

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ડોમિનિકન રિપબ્લિકના ઉપરાષ્ટ્રપતિ રાક્વેલ પેને વેપાર, શિક્ષણ, સહિત વિવિધ ક્ષેત્રના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા દિલ્હીમાં મંત્રણા કરી છે. શ્રીમતી પેનાએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, ભારત અને ડોમિનિકન રિપબ્લિક તેમના રાજદ્વારી સંબંધોની 25મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે વિવિધ ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવા અને કુશળતાની આપલે કરવાનો હજી અવકાશ છે. ડોમિનિકન રિપબ્લિક એ લેટિન અમેરિકામાં ભારતનું 8મું સૌથી મોટું વેપારી ભાગીદાર છે.

શ્રીમતી પેનાએ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને સંસદ ભવન પણ મુલાકાત લીધી હતી જ્યાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમનું સ્વાગત કર્યું હતું.

આજે તેઓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરશે. ડોમિનિકન રિપબ્લિકના વાઇસ પ્રેસિડેન્ટ શ્રીમતી રાક્વેલ પેના વૈશ્વિક બાબતો માટેની ભારતીય પરિષદ ખાતે 45મું સપ્રુ હાઉસ લેક્ચર આપવાના છે.